# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

*****************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે ભારતીય સશસ્ત્ર દળોએ રાષ્ટ્રના સાર્વભૌમત્વ માટે વ્યાવસાયિકતા અને દેશભક્તિનું ઉદાહરણ આપ્યું
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતનું અવકાશ ક્ષેત્ર વૈશ્વિક રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું
3. કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરી અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં યોજાયેલી નેશનલ હાઇવે ઓથોરિટીની સમીક્ષા બેઠકમાં ગુણવત્તા વાળા રસ્તા બનાવવાની તાકીદ કરાઇ
4. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળનું ૨૦૨૫-૨૬માં ભારતનું અર્થતંત્ર ૬.૬ ટકાના દરે વૃદ્ધિ પામશે તેવું અનુમાન
5. શ્રીલંકાના બદુલ્લા જિલ્લામાં ભૂસ્ખલનમાં મૃત્યુઆંક વધીને ૧૧ થયો

……………………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## PREZ - CHANAKYA DEFENCE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે જણાવ્યું હતું કે, ભારતીય સશસ્ત્ર દળોએ રાષ્ટ્રના સાર્વભૌમત્વને માર્ગદર્શન આપવામાં વ્યાવસાયિકતા અને દેશભક્તિનું ઉદાહરણ આપ્યું છે.

નવી દિલ્હીમાં ચાણક્ય સંરક્ષણ સંવાદ **2025**માં બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે, સશસ્ત્ર દળોએ દરેક સુરક્ષા પડકાર દરમિયાન નોંધપાત્ર અનુકૂલનક્ષમતા અને સંકલ્પ દર્શાવ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે ઓપરેશન સિંદૂરની તાજેતરની સફળતા દેશની આતંકવાદ વિરોધી અને તેના નિવારણની વ્યૂહરચનામાં એક નિર્ણાયક ક્ષણ છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ એ ભાર પૂર્વક જણાવ્યુ હતું કે સરહદોને મજબૂત બનાવવા ઉપરાંત, સંરક્ષણ દળોએ માળખાગત સુવિધાઓ, સંકલન, પ્રવાસન અને શિક્ષણ દ્વારા સરહદી વિસ્તારના વિકાસમાં પણ મદદ કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM - SKYROOT CAMPUS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતનું અવકાશ ક્ષેત્ર વૈશ્વિક રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. સ્કાયરૂટના ઇન્ફિનિટી પરિસરના વિડીયો કોન્ફરન્સ દ્વારા ઉદ્ઘાટન પ્રસંગે બોલતા, શ્રી મોદીએ ભાર

મૂક્યો કે સરકારે ભારતના અવકાશ ક્ષેત્રમાં અનેક ઐતિહાસિક સુધારાઓ હાથ ધર્યા છે.

તેમણે કહ્યું કે, સરકારે ખાનગી સંસ્થાઓ માટે અવકાશ ક્ષેત્ર ખુલ્લુ મૂક્યુ છે, જેનાથી સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગો દેશના વૈજ્ઞાનિક ઇકોસિસ્ટમ સાથે ઉત્સાહથી કામ કરી શકશે

## (બાઇટ - નરેન્દ્ર મોદી)

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, આજે **300** થી વધુ અવકાશ સ્ટાર્ટઅપ્સ ભારતના અવકાશ ભવિષ્યને નવી દિશા આપી રહ્યા છે. શ્રી મોદીએ ઉમેર્યું કે, સ્કાયરૂટનું ઇન્ફિનિટી પરિસર ભારતની નવી વિચારસરણી, નવીનતા અને યુવા શક્તિનું પ્રતિબિંબ છે.

## (બાઇટ - નરેન્દ્ર મોદી)

ઇસરોએ દાયકાઓથી ભારતની અવકાશ યાત્રાને નવી ઊંચાઈઓ પર પહોંચાડી હોવાનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે, તેની વિશ્વસનીયતા, ક્ષમતા અને મૂલ્ય દ્વારા, ભારતે વૈશ્વિક અવકાશ પરિદૃશ્યમાં એક અલગ ઓળખ ઉભી કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

**PM AMBEDKAR UNESCO**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બંધારણ દિવસ પર પેરિસમાં યુનેસ્કોના વડા મથક ખાતે ભારતરત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની પ્રતિમાના અનાવરણ પર ગર્વ વ્યક્ત કર્યો છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, પ્રધાનમંત્રીએ આ પ્રતિમા અનાવરણને બંધારણના નિર્માણમાં ડૉ. આંબેડકરની ભૂમિકાને સાચી શ્રદ્ધાંજલિ ગણાવી. તેમણે કહ્યું કે, ડૉ. આંબેડકરના વિચાર અને આદર્શ અસંખ્ય લોકોને શક્તિ અને આશા આપે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PREZ--CYPRUS-DELEGATION

સાયપ્રસના પ્રતિનિધિ ગૃહના પ્રમુખ એનીટા ડેમેટ્રિયુના નેતૃત્વમાં એક સંસદીય પ્રતિનિધિમંડળે ગઈકાલે રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી. રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું કે, ભારત સાયપ્રસ સાથેની ભાગીદારીને મહત્વ આપે છે, જે એક સહિયારા વ્યૂહાત્મક દ્રષ્ટિકોણ અને પરસ્પર આદર પર આધારિત છે.

સુશ્રી મુર્મુએ જણાવ્યું કે, તાજેતરના વર્ષોમાં, ભારત અને સાયપ્રસ વચ્ચે રાજકીય સંપર્ક, આર્થિક સહયોગ, સંરક્ષણ ભાગીદારી અને સાંસ્કૃતિક

સંબંધ વધુ ગાઢ બન્યા છે. તેમણે કહ્યું કે ભારત-સાયપ્રસ આર્થિક સંબંધમાં વિસ્તરણની અપાર સંભાવના છે.

રાષ્ટ્રપતિએ આશા વ્યક્ત કરી કે, આ મુલાકાત દરમિયાન, સાયપ્રસનું સંસદીય પ્રતિનિધિમંડળ ભારતના લોકશાહી અને સંસદીય કામગીરી અંગે માહિતી મેળવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GADKARI GUJ VISIT

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરી ગુજરાતની મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરી અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં ગઇકાલે મોડી સાંજે નેશનલ હાઇવે ઓથોરિટીના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ ના અધિકારીઓ અને ઇજારદારોને રસ્તાઓની ઉચ્ચ ગુણવત્તા સુનિશ્ચિત કરવાની તાકીદ કરાઇ હતી. ગુણવત્તા સુનિશ્ચિત કરો, અન્યથા કડક કાર્યવાહી માટે તૈયાર રહો એવો સ્પષ્ટ સંદેશ બેઠકમાં આપવામાં આવ્યો હતો. નાગરિકોની સુવિધા અને સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા તંત્રને સ્પષ્ટ સૂચના આ બેઠકમાં આપી દેવાઇ હતી.

નેશનલ હાઇવેના નિર્માણ અને રિસર્ફેસિંગમાં કોઈપણ પ્રકારની નિષ્કાળજી ચલાવી નહીં લેવાય તેવી કડક શબ્દોમાં સૂચના આપવામાં આવી હતી. નક્કી કરેલી સમયમર્યાદામાં રોડ નિર્માણના તમામ કાર્યો પૂર્ણ કરવા અધિકારીઓ તથા ઇજારદારોને નિર્દેશ અપાયો હતો.

શ્રી ગડકરીએ ગુજરાતમાં નેશનલ હાઇવે ઓથોરિટી હેઠળના હાઈવે સહિતના અન્ય પ્રોજેક્ટ માટે 20 હજાર કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર તરફથી મંજૂર કરવાની ખાતરી આ બેઠકમાં આપી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## PIB FACT CHECK- ARMY STAFF

આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ચીનને પાકિસ્તાનને ટેકો આપતા અટકાવવા અરુણાચલ પ્રદેશને ચીનને સોંપી દેવાનું સરકારે, સૂચન કર્યું હોવાના એક વીડિયોને ફગાવી દીધો છે.

વીડિયોમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે આર્મી ચીફે ભારત-પાકિસ્તાન સંઘર્ષ દરમિયાન ચીની ટેકનોલોજી દ્વારા રાફેલ વિમાનનો નાશ કરવામાં આવ્યો હોવાના દાવાને સ્વીકાર્યો હતો.

પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરોના ફેક્ટ ચેકિંગ યુનિટે અહેવાલ આપ્યો છે કે, ઘણા પાકિસ્તાની એઆઈ-જનરેટેડ એકાઉન્ટ્સ આ ભ્રામક વીડિયો ફેલાવી રહ્યા છે, જે ભારતીય સશસ્ત્ર દળો વિશે ખોટી માહિતી ફેલાવી રહ્યા છે. યુનિટે સ્પષ્ટતા કરી છે કે, આર્મી ચીફે આવું કોઈ નિવેદન આપ્યું નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GDP

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ **IMF** એ એક અનુમાનમાં જણાવ્યું કે, વર્ષ **2025-26**માં ભારતનું અર્થતંત્ર 6.6 ટકાના દરે વૃદ્ધિ પામશે. વસ્તુ અને સેવા કર સુધારાઓ અમેરિકા દ્વારા લાદવામાં આવેલા 50 ટકા

ટેરિફની પ્રતિકૂળ અસરથી દેશને બચાવવામાં મદદ કરશે તેમ અહેવાલમાં જણાવાયું છે. ભારતનું અર્થતંત્ર સારું પ્રદર્શન કરી રહ્યું છે.

નાણાકીય વર્ષ 2024-25માં 6.5 ટકાના આર્થિક વિકાસ બાદ, નાણાકીય વર્ષ 2025-26ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વાસ્તવિક GDP 7.8 ટકા વધ્યો," એમ IMFએ તેના કાર્યકારી બોર્ડ દ્વારા ભારત માટે વાર્ષિક મૂલ્યાંકન પૂર્ણ કર્યા પછી એક નિવેદનમાં જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## LANKA- DEATH TOLL

શ્રીલંકાના બદુલ્લા જિલ્લામાં ભૂસ્ખલનમાં મૃત્યુઆંક વધીને ૧૧ થઈ ગયો છે. મીડિયા અહેવાલો અનુસાર, જિલ્લામાં સાત સ્થળોએ ભારે વરસાદને કારણે થયેલી ઘટનાઓ બાદ સાત લોકો ગુમ થયા છે. ભારે વરસાદને કારણે જમીન ધસી જવાની ઘટનામાં બચાવ અને રાહત કામગીરી થઇ રહી છે.

અધિકારીઓના અહેવાલ મુજબ બદુલ્લાના ઘણા ભાગમાં ભૂસ્ખલન થયા છે, જેનાથી વધુ જોખમ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. દરમિયાન, નેશનલ બિલ્ડીંગ રિસર્ચ ઓર્ગેનાઈઝેશને બદુલ્લા, કેન્ડી, માટાલે અને નુવારા એલિયા જિલ્લાઓમાં સંવેદનશીલ વિસ્તારો માટે લેવલ-૩ની ચેતવણીઓ જારી કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## UN -PEACEBUILDING RESOLUTIONS

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ અને મહાસભાએ 2025 માં યુએન શાંતિ નિર્માણ સ્થાપવા માટેની સમીક્ષાના બે ઠરાવનો સ્વીકાર કર્યો . સુરક્ષા પરિષદે ગઈકાલે સર્વાનુમતે ઠરાવ 2805 પસાર કર્યો.

મહાસભાએ મતદાન વિના આ બંને ઠરાવનો સ્વીકાર કર્યો છે. આ બંને ઠરાવ પસાર કરવાનો હેતુ દેશો વચ્ચે ચાલતા સંઘર્ષને વિરામ આપવાનો શાંતિ સ્થાપવાના પ્રયાસને વધુ વેગવંતા બનાવવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDONESIA EARTHQUAKE

ઇન્ડોનેશિયાના સુમાત્રા ટાપુના પશ્ચિમ કિનારા પર આજે 6.6ની તીવ્રતાનો ભૂકંપન આંચકાઓ અનુભવાયા. યુનાઇટેડ સ્ટેટ્સ ભૂસ્તરશાસ્ત્રીય સરવે મુજબ, આ ટાપુ કુદરતી આફત તેમજ ઉષ્ણકટિબંધીય ચક્રવાતનો સામનો કરી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં, ઉત્તર સુમાત્રા પ્રાંતમાં પૂર અને ભૂસ્ખલનમાં 28 લોકો માર્યા ગયા છે. બચાવ કાર્ય ચાલી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## J&K POLICE TERROR ARREST

જમ્મુ અને કાશ્મીર પોલીસે શંકાસ્પદ આતંકવાદી પ્રવૃત્તિઓના સંબંધમાં 19 વર્ષના યુવાનની ધરપકડ કરી છે અને તેના કબજામાંથી જપ્ત કરાયેલા ડિજિટલ ઉપકરણોની તપાસ કરી રહી છે.

આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે, આરોપી મૂળ રિયાસી જિલ્લાનો છે અને હાલમાં બાથિંડી વિસ્તારમાં રહે છે. અધિકારીઓએ વધુમાં જણાવ્યું કે, આરોપી પાકિસ્તાન અને અન્ય દેશોમાં સ્થિત ચોક્કસ નંબરો સાથે મોબાઇલ ફોન દ્વારા સંપર્કમાં હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .